Represented by the Advocate Shri N. J. Parikh
25th May 07

Principal ... Court
Ahmedabad (Rural)
Navrangpura, Ahmedabad.

અમદાવાદ (રુરલ) ના મે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં

મુ. અમદાવાદ.
રે.દી.મુ.નં. 392 /૨૦૦૭.

વાદી :- (૧) અલકાબેન તે અંબાલાલ પ્રહલાદભાઈ પટેલની દિકરી
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ઘરકામ
રહે. ૫૩, દુર્ગાનગર સોસાયટી, સુતરના કારખાના
પાસે, નરોડા, અમદાવાદ.

વિરુધ્ધ

પ્ર.વાદી :- (૧) મર્હુમ અંબાલાલ પ્રહલાદભાઈ પટેલના વારસો
૧/૧. મંગુબેન તે અંબાલાલ પ્રહલાદભાઈની વિધવા
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી
૧/૨. રાજુભાઈ અંબાલાલ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી
૧/૩. હિતેશભાઈ અંબાલાલ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી
(૨) કનુભાઈ પ્રહલાદભાઈ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી
(૩) સુમિત્રાબેન તે કનુભાઈ પ્રહલાદભાઈની વિધવા
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી
(૪) અશ્વિનકુમાર કનુભાઈ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી

Court fee Stamps affixed attached with Plaint on 17/6/...
Rs. 3000 × 1 = Rs. 3000
Rs. 300 × 2 = Rs. 600
Total Rs. 3645/-

CIVIL JUDGE, (SENIOR DIVISION) AHMEDABAD (RURAL)

(૫) હર્ષદકુમાર કનુભાઈ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી
તમામ રહે. હરિવલ્લભ સોસાયટી, નરોડા
અમદાવાદ.

(૬) ચીમનભાઈ પરષોત્તમદાસ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી

(૭) ઈશ્વરભાઈ પરષોતમદાસ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી

(૮) કાશીબેન બળદેવભાઈ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી

(૯) વજુભાઈ બળદેવભાઈ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી

(૧૦) સુમનભાઈ બળદેવભાઈ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી

(૧૧) મધુબેન બળદેવભાઈ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી

(૧૨) કૌશિકભાઈ બળદેવભાઈ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી
તમામ રહે. ભાગવાડ વાસ, નરોડા ગામ,
તા. સીટી, જી.અમદાવાદ.
તમામ પ્રા.વાદી નં. ૧ થી ૧૨ ના સમન્સ તથા નોટિસ
તેમના કુલમુખત્યાર પરેશકુમાર નારણભાઈ પટેલ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી
રહે. હરિઓમ સોસાયટી, ઠક્કર નગર રોડ,
અમદાવાદ નાઓને બજાવવો.

(૧૩) ધીરજલાલ પ્રેમજી માઇ
ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી
રહે. ૮૧, વિજય પાર્ક સોસાયટી,
નેશનલ હાઈવે નં.૮, રાજપુર બોઘા
અમદાવાદ.

## દાવો રૂ.૪૪,૦૦૦/-તથા રૂ.૫૩,૦૦૦/-નાં આંકથી દસ્તાવેજ રદ કરવા માટે

આ કામના અમો વાદીની દાવાની બીના એ છે કે :-

(૧) ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદના સીટી તાલુકાના મોજે ગામ નરોડાની રેવન્યુ સીમમા સર્વે નં.૫૬૪ ની હે.આરે.ચો.મી.૦-૦૧-૦૧ ની આકાર રૂા.૦.૧૯ પૈસા સર્વે નં. ૫૭૦/૧ હે.આરે. ચો.મી.૦-૨૩-૨૭ આકાર રૂા.૨.૬૩ પૈસા, સર્વે નં.૫૭૦/૨ ની હે.આરે.ચો.મી.૦-૨૯-૩૩ ની આકાર રૂા.૩.૨૫ પૈસા, સર્વે નં.૫૭૦/૩ ની હે.આરે.ચો.મી.૧-૪૦-૩૭ ની આકાર રૂા.૧૬.૦૬ પૈસા, સર્વે નં.૫૭૦/૪ ની હે.આરે.ચો.મી.૦-૨૭-૩૨ ની આકાર રૂા.૩.૧૨ પૈસા, સર્વે નં.૯૪૬ ની હે.આરે.ચો.મી.૦-૦૫-૦૬ ની આકાર રૂા.૦.૬૫ પૈસા, સર્વે નં.૯૪૭ ની હે.આરે.ચો.મી.૦-૯૧-૦૫ ની આકાર રૂા.૮.૪૪પૈસા, સર્વે નં.૯૪૮/૧ ની હે.આરે.ચો.મી.૦-૨૦-૨૩ ની આકાર રૂા.૨.૩૭ પૈસા, સર્વે નં.૯૪૮/૨ ની હે.આરે.ચો.મી.૦-૫૧-૬૦ ની આકાર રૂા.૬.૬૯ પૈસા વાળી જમીનો અમો વાદીની વડીલોપાર્જીત ખેતીની જમીનો છે. સદરહું તમામ સર્વે નંબરોવાળી જમીનો પૈકી સર્વે નં. ૯૪૮/૧ તથા ૯૪૮/૨ વાળી જમીનને હવે પછી આ કામમાં "દાવાવાળી જમીન" તરીકે ઓળખાવવામાં આવેલ છે.

(૨) સદરહું દાવાવાળી જમીન અમો વાદીના દાદા પ્રહલાદભાઈ પરષોતમદાસ પટેલના નામે પંચાયત દફતરે રેવન્યુ રેકર્ડમાં ચાલતી હતી, પરંતુ તેઓનુ તા. ૧૫-૧૨-૮૧ ના રોજ અવસાન થતાં તેમના કાયદેસરના વારસદારો તરીકે તેમના દિકરાઓના નામે સદરહું દાવાવાળી જમીન દાખલ કરવામાં આવેલી છે અને ત્યારથી તેઓ સદરહું જમીનના કાયદેસરના માલિક અને કબજેદાર થયેલા છે.

(SENIOR DIVISION) RURAL

(૩) આ કામના પ્રા.વાદી નં. ૧/૧ અમો વાદીના માતૃશ્રી થાય છે, અને પ્રા.વાદી નં. ૧/૨ તથા ૧/૩ અમો વાદીના ભાઈઓ થાય છે. પ્રા.વાદી નં. ૨ અમો વાદીના કાકા થાય છે, પ્રા.વાદી નં.૩ અમો વાદીના કાકી થાય છે અને પ્રા.વાદી નં. ૪ અને ૫ અમારા

કાકાના દિકરા ભાઈઓ થાય છે. પ્રા.વાદી નં.૬ અને ૭ અમો વાદીના પિતાશ્રીના કાકા થાય છે. અને પ્રા.વાદી નં. ૮ થી ૧૨ અમો વાદીના પિતાશ્રીના મર્હુમ કાકા બળદેવભાઈ પરષોતમદાસ પટેલના કાયદેસરના વારસદારો થાય છે અને તે રીતે અમો વાદી તથા પ્રા.વાદીઓ તમામ એક જ કુટુંબના સભાસદો છીએ.

(૪) અમો વાદીને પરણાવી દીધેલ હોઈ હાલમાં અમો અમારા પતિ સાથે અમારા સાસરે વસવાટ કરીએ છીએ. અમારા પિતાશ્રીનુ તા.૧૫-૩-૨૦૦૫ ના રોજ અવસાન થતાં અમો વાદી, તથા પ્રા.વાદી નં. ૧/૧ થી ૧/૩ નાઓ તેઓના કાયદેસરના વારસદારો હોઈ પંચાયત દફતરે તે અંગેની જરૂરી ફેરફાર નોંધ નં.૩૯૪૫ થી તા. ૩-૫-૨૦૦૫ ના રોજ પાડી અમારા નામ સદરહું સર્વે નંબરોવાળી જમીનોના ૭/૧૨ ના ઉતારામાં દાખલ કરવામાં આવેલ છે અને ત્યારથી આ કામના પ્રા.વાદીઓ સાથે દાવાવાળી જમીન સહિત બીજી અન્ય જમીનોમાં પણ અમો વાદી પ્રા.વાદીઓ સાથે તેમના જેટલાં જ સરખા હિસ્સાના કાયદેસરના સહમાલિક અને કબજેદાર થયેલા છીએ અને પંચાયત દફતરે સદરહું જમીનમાં પ્રા.વાદીઓ સાથે અમો વાદીનુ નામ ચાલતુ આવેલ છે અને ચાલે છે.

(૫) સદરહું દાવાવાળી જમીન અમો વાદીની વડીલોપાર્જીત મીલ્કત છે, અમો વાદી મર્હુમ પ્રા.વાદી નં. ૧ અંબાલાલ પ્રહલાદભાઈ પટેલના દિકરી થતાં હોઇ તેમના કાયદેસરના વારસદાર છીએ અને તેથી સદરહું જમીન અમો વાદીના પિતાશ્રી અંબાલાલ પ્રહલાદભાઈ પટેલને તેમના પિતાશ્રી પ્રહલાદભાઈ પરષોતમદાસ પટેલ તરફથી વીલ યાને વસિયતનામાના આધારે વારસામાં મળેલી છે અને તે મતલબનુ એક વિલ યાને વસિયતનામુ મર્હુમ અમારા દાદા પ્રહલાદભાઈ પરષોતમદાસ પટેલે તા. ૧૩-૯-૭૭ ના રોજ કરેલુ છે અને અમારા દાદાનુ તા. ૧૫-૧૨-૮૧ ના રોજ અવસાન થતાં સદરહું વસિયતનામાના આધારે અમો વાદીના પિતાશ્રી તથા અમારા કાકાઓના નામે સદરહું જમીન પંચાયત દફતરે રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલી છે. વધુમાં અમો વાદીના પિતાશ્રીના કાકા બળદેવભાઈ પરષોતમદાસ પટેલનુ તા. ૨૮-૧-૨૦૦૨ ના રોજ અવસાન થતાં પ્રા.વાદી નં. ૮ થી ૧૨ ના ઓ તેમના કાયદેસરના વારસદારો થતાં હોઈ પંચાયત દફતરે ફેરફાર નોંધ નં. ૧૩૧૩૪ થી તા. ૧૫-૨-૨૦૦૨ ના રોજ તેઓના નામ દાખલ કરવામાં આવેલા છે. પ્રા.વાદી નં. ૩ થી ૫ ના ઓ મર્હુમ કનુભાઈ પ્રહલાદભાઈ પટેલના વારસદારો હોઈ જેઓના નામની ફેરફાર નોંધ નં. ૧૦૬૦૩ થી તા. ૧૩-૭-૯૩ ના રોજ પાડવામાં આવેલી છે. મર્હુમ કનુભાઈ પ્રહલાદભાઈ પટેલનુ તા. ૧૪-૫-૯૩ ના રોજ અવસાન થયેલુ છે.

CIVIL JUDGE

(૬) અમો વાદી ઉપર જણાવેલ હકીકતે પ્રા વાદી નં. ૧ અંબાલાલ પ્રહલાદભાઈ પટેલના કાયદેસરના વારસદાર છીએ અને દાવાવાળી જમીનો સહિત બીજી અન્ય ઉપર પેરા-૧ મા દર્શાવેલ તમામ જમીનોમાં અમો વાદીનો કાયદેસરનો હકક, હિત અને હિસ્સો સમાયેલા છે અને પોષાય છે જે આ કામના પ્રા.વાદીઓ નં. ૧ થી ૧૨ સારી રીતે જાણે છે. અમોએ સદરહું જમીનમાંથી કયારેય પણ અમારો હકક અમારા ભાઈઓ કે જે આ કામે પ્રા.વાદી નં. ૧/૨ અને ૧/૩ નાઓ છે તેઓની તરફેણમાં કયારેય પણ જતો કરેલ નથી, છંતા પણ અમોએ અમારો હકક તેઓની તરફેણમાં જતો કરેલ હોવાનુ જણાવી એક પરેશભાઈ નારણભાઈ પટેલની તરફેણમાં કુલમુખ્યારનામુ કરી આપેલ છે અને તે કુલમુખ્યારનામાના આધારે સદરહું દાવાવાળી જમીનો સર્વે નં. ૯૪૮/૧ તથા ૯૪૮/૨ વાળી જમીનો અંગે એક પાકો રજી. વેચાણ દસ્તાવેજ પ્રા.વાદી નં. ૧૩ ની તરફેણમાં તા. ૨૬-૯-૦૩ ના રોજ કરી આપેલ છે જે અમારી રજા સંમતિ અને જાણ બહાર કરી આપવામાં આવેલો છે. અમો સદરહું જમીનમા કાયદેસરના સહ-હિસ્સેદાર છીએ. અમોએ અમારા હિસ્સે આવતી જમીન વેચાણ આપવા માટે પરેશભાઈ નારણભાઈ પટેલની તરફેણમાં કોઈ જ કુલમુખ્યારનામુ કરી આપેલ નથી છંતા પણ દાવાવાળી જમીન કુલમુખ્યાર તરીકે પરેશભાઈ નારણભાઈ પટેલે પ્રા.વાદી નં. ૧૩ ની તરફેણમાં જે પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે તેમની સત્તા અને અધિકાર બહારના હોઈ ખોટા અને ગેરકાયદેસરના છે.

(૭) સદરહું દાવાવાળી જમીનો અંગે પ્રા.વાદી નં. ૧ થી ૧૨ ના કુલમુખ્યાર તરીકે પરેશભાઈ નારણભાઈ પટેલે પ્રા.વાદી નં. ૩ ની તરફેણમાં દાવાવાળી જમીન પૈકીની સર્વે નં. ૯૪૮/૧ વાળી જમીન રૂા.૫૩,૦૦૦/- અંકે રૂપિયા ત્રેપન હજાર પુરામાં વેચાણ આપવાનુ નકકી કરી દસ્તાવેજ કરી આપેલ છે તેમજ સર્વે નં. ૯૪૮/૨ વાળી ૫૧૬૦ ચો.મી. પૈકીની વગર વહેંચાયેલ ૧/૩ હિસ્સાની ૧૭૨૦ ચો.મી. જમીન રૂા.૪૪,૦૦૦/- અંકે રૂપિયા ચુંમાલીસ હજાર પુરામાં વેચાણ આપવાનુ નકકી કરી બે અલગ અલગ દસ્તાવેજો એક જ તારીખે એટલે કે તા.૨૬-૯-૦૩ ના રોજ કરી આપેલ છે અને સદરહું દસ્તાવેજો કરી આપ્યા બાદ પંચાયત દફતરે રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૧૩૫૮૧ અને ૧૩૫૮૨ થી પ્રા.વાદી નં. ૧૩ નુ નામ દાખલ કરવામાં આવેલ છે. અને ત્યારથી પ્રા.વાદી નં. ૧૩ સદરહું જમીનના માલિક અને કબજેદાર થયેલા છે.

(૮) અમો વાદીના પિતાશ્રીનુ તા. ૧૫-૩-૨૦૦૫ ના રોજ એટલે કે દાવાવાળી જમીનોના પ્રા.વાદી નં. ૧૩ ની તરફેણમાં દસ્તાવેજો કરવામાં આવ્યાં ત્યારબાદ અવસાન થયેલ છે. અને

ENIOR DIVISION
(HURA

તે રીતે અમો વાદી તેમના કાયદેસરના વારસદાર હોઈ દાવાવાળી તથા અન્ય જમીનો અમારા પિતાશ્રી તથા આ કામના બીજા પ્રા.વાદીઓ કોઈને કોઈપણ પ્રકારે વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહીં તે મતલબનો એક રે.દી.મુ.નં.૬૯૮/૯૬ થી આપ ના.કોર્ટમાં દાખલ કરેલ છે જે હાલ જારી છે. છંતા પણ દાવાવાળી જમીનના પ્રા.વાદી નં. ૧ થી ૧૨ નાએ તેઓના કુલમુખ્યયાર મારફતે પ્રા.વાદી નં. ૧૩ ની તરફેણમાં જે રજી. વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે ખોટો અને ગેરકાયદેસરનો છે. તેમ ઠરાવવા તેમજ ત્યાં સુધી પ્રા.વાદી નં. ૧૩ સદરહું જમીનો કોઈને કોઈપણ પ્રકારે વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહીં તે માટે તેઓને તેમ કરતાં અટકાવવા માટે આ દાવો કરવાની જરૂર પડી છે.

(૯) આ દાવાનુ કારણ દાવાવાળી જમીનો સર્વેનં. ૯૪૮/૧ અને ૯૪૮/૨ અમો વાદીની વડીલોપાર્જીત ખેતીની જમીનો છે અને તેમાં અમો વાદીનો પ્રા.વાદી નં. ૧ મર્હુમ અંબાલાલ પ્રહલાદભાઈ પટેલના કાયદેસરના વારસદાર તરીકે હકક, હિત અને હિસ્સો સમાયેલા અને પોષાયેલા હોવાનુ જાણવા છંતા પ્રા.વાદીઓ નં. ૧ થી ૧૨ નાઓએ સદરહું જમીનમાંનો અમારો હકક ડુબાડી દેવાના એકમાત્ર બદઆશયથી એક પરેશભાઈ નારણભાઈ પટેલની તરફેણમાં કુલમુખ્યયારનામુ કરી આપ્યુ ત્યારથી તેમજ સદરહું પરેશભાઈ નારણભાઈ પટેલે પ્રા.વાદી નં. ૧થી ૧૨ ના કુલમુખ્યયાર તરીકે પ્રા.વાદી નં. ૧૩ ની તરફેણમાં તા. ૨૫-૯-૨૦૦૩ ના રોજ તથા તા. ૨૬-૯-૦૩ ના રોજ દાવાવાળી જમીનના બે પાકા રજી. વેચાણ દસ્તાવેજ કરી આપ્યાં ત્યારથી તેમજ સદરહું દસ્તાવેજો મે. સબ રજીસ્ટ્રારશ્રીની કચેરી નરોડા અમદાવાદ મુકામે નોંધવામાં આવ્યાં ત્યારથી તેમજ સદરહું દાવાવાળી જમીનો પંચાયત દફતરે રેવન્યુ રેકર્ડમાં જરૂરી ફેરફાર નોંધ પાડી પ્રા.વાદી નં. ૧૩ ના નામે દાખલ કરવામાં આવી ત્યારથી તેમજ બીજા અન્ય કારણસર આપ ના. કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયુ છે.

(૧૦) <u>સબબ દાદ માંગવાની કે :-</u>

(અ) ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદના સીટી તાલુકાના મોજે ગામ નરોડાની રેવન્યુ સીમમાં આવેલ દાવાવાળી જમીન સર્વે નં.૯૪૮/૧ અને ૯૪૮/૨ વાળી જમીનો અમો વાદીની વડીલોપાર્જીત મીલકત હોઈ સદરહું જમીનોમાં અમારો કાયદેસરનો હકક, હિત અને હિસ્સો સમાયેલા છે તેથી સદરહું દાવાવાળી જમીનો પ્રા.વાદી નં. ૧ થી ૧૨ નાઓને પ્રા.વા

નં. ૧૩ વેચાણ આપવાનો કાયદેસર કોઈ હક્ક કે અધિકાર ન હોઈ પ્રા.વાદી નં. ૧૩ ને કરી આપવામાં આવેલ વેચાણ દસ્તાવેજ પ્રા.વાદી નં. ૧ થી ૧૨ ની સત્તા અને અધિકાર બહારના હોઈ ખોટા અને ગેરકાયદેસરના છે તેવુ ઠરાવી રદ કરશોજી.

(બ) આ કામના પ્રા.વાદીઓ કે તેમના માણસો, નોકરો, એજન્ટો વગેરે કોઈપણ દાવાવાળી જમીન કોઈને કોઈપણ પ્રકારે વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરી તેનો કબજો કોઈને સોંપે સોંપાવે નહીં કે તે અંગે કોઈને કોઈ કરારો કે લખાણો કરી આપે અપાવે નહીં તેવો પ્રા.વાદીઓ વિરૂધ્ધ જાથુનો મનાઈહુકમ આપશોજી.

(ક) આપ નામ.કોર્ટને બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તે દાદ અપાવશોજી.

(ડ) આ દાવાનુ તમામ ખર્ચ પ્રા.વાદી પાસેથી અપાવશોજી.

(૧૧) આ દાવાનો આંક રૂ.૪૪,૦૦૦/- નો બાંધી તેના ઉપર રૂ.૩૨૫૦/- ના અડધા રૂ. ૧૬૨૫/- કોર્ટ ફી સ્ટેમ્પ તથા રૂ. ૫૩,૦૦૦/- નો બાંધી તેના ઉપર રૂ. ૪,૦૦૦/- ના અડધા રૂ. ૨૦૦૦/- ના મળી કુલ રૂ.૩૬૨૫/- કોર્ટ ફી સ્ટેમ્પ ચોંટાડેલ છે.

(૧૨) આ સાથે વકીલપત્ર, લીસ્ટ, સરનામાની પુરસીસ તથા પ્રા,વાદીને આપવાની નકલ તથા એફીડેવીટ સામેલ છે.

(૧૩) આ દાવાના મથાળે જણાવ્યા પ્રમાણે અમો વાદીનુ નામ તથા સરનામુ સી.પી.સી.ઓર્ડર-૬ રુલ-૧૪ (એ) મુજબ બરાબર અને ખરુ છે.

મુ.અમદાવાદ.

તા. /૦૫-૨૦૦૭.

આનંદા જૈન

ઈકરાર

અમો વાદી આજરોજ અમદાવાદ મુકામે આ ઈકરાર કરી જણાવીએ છીએ કે ઉપરોકત જણાવેલ તમામ મજકુર મારા માનવા તથા જાણવા મુજબ સાચો અને ખરો છે.

મુ. અમદાવાદ.

તા. /૦૫-૨૦૦૭.

આનંદા જૈન

રજુ 31/12/07

Reg. 31/12/07

... for ... to Law

... Ahmedabad

... DIVISION ... (RURAL)

25/5/

## order

Issue Summons for Settlement of issues or Payment of P.F.
R/o. 1416/07

Chirag
Addl. Civil Judge (J.D.) & J.M.F.C.
Ahmedabad (Rural)

Dt. 25/5/07.

R.F. paid
H.N. Parikh
3-10-07

હુકમ

[illegible]

[illegible]

ADDL. C.J.

નકલ
ખરી નકલ છે
[illegible]

3016

CIVIL JUDGE SENIOR DIVISION
AHMEDABAD (RURAL)

અમદાવાદ (રૂરલ) ના મે. એડી. સીનીયર સીવીલ જજ.

સાહેબની કોર્ટમાં.

રે. દી. મુ. નં. ૩૧૨/૨૦૦૭

વાદી : અલકાબેન તે અંબાલાલ પ્રહલાદભાઈ પટેલની દિકરી

વિરુદ્ધ

પ્રતિવાદી : મંગુબેન તે અંબાલાલ પ્રહલાદભાઈની વિધવા તથા બીજાઓ.

બાબત : કામ બોર્ડ ઉપર લેવા માટેની અરજી.

અમો વાદી સદર અરજી કરી અરજ કરીએ છીએ કે...

ઉપરોક્ત કામની મુદત તા.૩૦-૦૬-૨૦૧૦ ના રોજની છે. પરંતુ અમો વાદીને કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ સદર દાવો કરવાનું કારણ રહેતુ ન હોઈ તેમજ સદર દાવો તાત્કાલીક માંડવાળ કરવાનો હોઈ સદર કામ બોર્ડ ઉપર લેવા માટે ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરવા મે. કરશોજી.

CIVIL JUDGE, (SENIOR DIVISION) AHMEDABAD (RURAL)

સ્થળ - અમદાવાદ

તા. ૧૫-૦૬-૨૦૧૦

અલકાબેન અંબાલાલ પટેલ

વાદીના એડવોકેટ

ADDL. SR. C. J.

અમદાવાદ (રૂરલ) ના મે. એડી. સીનીયર સીવીલ જજ
સાહેબની કોર્ટમાં.

રે. દી. મુ. નં. ૩૧૨/૨૦૦૭

વાદી : અલકાબેન તે અંબાલાલ પ્રહલાદભાઈ પટેલની દિકરી

વિરુદ્ધ

પ્રતિવાદી : મંગુબેન તે અંબાલાલ પ્રહલાદભાઈની વિધવા તથા બીજાઓ.

બાબત : દાવો બીનશરતી માંડવાળ કરવાની પુરસીસ

અમો વાદી સદર પુરસીસથી જાહેર કરીએ છીએ કે...

ઉપરોક્ત કામમાં અમો વાદીને કોર્ટ બહાર ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોઈ સદર દાવો કરવાનું કારણ રહેતુ ન હોઈ સદર દાવો બીનશરતે પરત ખેંચીએ છીએ. જે નામદાર કોર્ટને જાહેર કરીએ છીએ. ખર્ચ અંગે કોઈ માંગણી કરતા નથી.

No objection for unconditional withdrawal
Def. Advo.
15/6/10

સ્થળ - અમદાવાદ
તારીખ [illegible]-૦૬-૨૦૧૦
રજુ તા. ૧૯-[illegible]

I identify the [illegible]

વાદીના એડવોકેટ

અલકાબેન અંબાલાલ પટેલ

RECORDED

6th ADDL. SR. C. J.

CIVIL JUDGE, (SENIOR DIVISION) AHMEDABAD (RURAL)

P 3 B